# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. **નવી દિલ્હીમાં ઇન્ડિયા A.I. ઇમ્પેક્ટ સમિટનું ઉદ્ઘાટન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, A.I.થી માનવ ઇતિહાસમાં ક્રાન્તિકારી અધ્યાય જોડાઈ રહ્યો છે.**
2. **A.I. સમિટમાં ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંએ કહ્યું, A.I.થી માનવ કલ્યાણ માટે કામ કરવામાં મદદ મળશે.**
3. **બિહારને નક્સલવાદી પ્રવૃત્તિઓથી મુક્ત જાહેર કરાયું**
4. **અમેરિકાએ ચીન પર વર્ષ 2020માં પરમાણુ પરિક્ષણ કરવાનો આક્ષેપ લગાવ્યો**
5. **I.C.C. ટી-20 ક્રિકેટ વિશ્વકપની કોલકાતામાં રમાઈ રહેલી મેચમાં વેસ્ટ ઇન્ડીઝે ઇટાલિને જીતવા 166 રનનો લક્ષ્યાંક આપ્યો.**

,,....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM AI IMPACT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ભારત નવી ટૅક્નોલોજીના વિકાસની સાથેસાથે તેને ઝડપથી અપનાવી પણ રહ્યું છે. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે ઇન્ડિયા **A.I.** ઇમ્પેક્ટ સમિટનું ઔપચારિક ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ ભારતને વિશ્વનું સૌથી મોટું ટેક્નિકલ કેન્દ્ર ગણાવ્યું. તેમણે કહ્યું, નવી દિલ્હીમાં આવી સમિટ યોજાવવી એ ભારત અને વૈશ્વિક દક્ષિણ માટે ગૌરવનો વિષય છે.

## (BYTE: PM NARENDRA MODI)

શ્રી મોદીએ કૃત્રિમ બુદ્ધિમત્તા – **A.I.**થી માનવ ઇતિહાસમાં ક્રાન્તિકારી અધ્યાય જોડાઈ રહ્યો હોવાનું જણાવતા કહ્યું, આ પરિવર્તને સભ્યતા અને વિકાસની ગતિને બદલી દીધી છે. **A.I.**થી મશીનની અને માનવીય કાર્યક્ષમતા અનેક ગણી વધી હોવાનું પણ તેમણે ઉંમેર્યું.

આ પ્રસંગે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંએ પોતાના સંબોધનમાં ગયા વર્ષે ફ્રાન્સ અને ભારતની સંયુક્ત ભાગીદારીથી પેરિસમાં યોજાયેલી **A.I.** ઍક્શન સમિટનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, **A.I.** નવીનતાને વેગ આપવા, આરોગ્ય સેવા, ઉર્જા, પરિવહન, ખેતી અને જાહેર સેવાઓને સરળ બનાવવા તથા માનવ કલ્યાણ માટે કામ કરવામાં મદદરૂપ થશે.

## (BYTE: EMMANUEL MACRON, PRESIDENT, FRANCE)

જ્યારે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું, A.I.નું ભવિષ્ય કેટલાક દેશ દ્વારા નક્કી કરી શકાતું નથી. તેમણે વિકાસશીલ દેશોમાં માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે A.I. પર એક વૈશ્વિક ભંડોળ બનાવવાની પણ હાકલ કરી.

. . . . . . . . . . . . . . . . .

## VP SHIVAJI

ઉપ-રાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી રાધાકૃષ્ણને છત્રપતિ શિવાજી મહારાજને સ્વરાજના નિર્માતા, ધર્મના રક્ષક, નીડર યોદ્ધા અને લોક-કેન્દ્રીત શાસનના યોદ્ધા ગણાવ્યા.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, તેમનું જીવન અને આદર્શ પેઢીઓને સાહસ, ન્યાય, નિઃસ્વાર્થ અને આત્મનિર્ભર તથા સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે પ્રેરણા આપતા રહેશે.

પ્રધાનમંત્રીએ કહ્યું, રાષ્ટ્ર એક દૂરંદેશી નેતા, અસાધારણ પ્રશાસક, વ્યૂહાત્મક વિચારક અને સ્વરાજના યોદ્ધાને નમન કરે છે. શ્રી મોદીએ કહ્યું, છત્રપતિ શિવાજીનું સાહસ તમામ નાગરિકોને પ્રેરણા આપે છે તથા તેમની ન્યાય અને આત્મ-સન્માનની ભાવના સમાજને મજબૂત બનાવતી રહેશે.

. . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH ASSAM VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આવતીકાલથી બે દિવસ આસામના પ્રવાસે જશે. પહેલા તબક્કામાં તેઓ બરાક ખીણના સિલચર પહોંચશે. તેઓ ભારત-બાંગ્લાદેશ સરહદ પાસે કટિગોરા ક્ષેત્રના નતનપુર ગામની મુલાકાત લેશે.

શ્રી શાહ સરહદ પારના ગુનાઓને રોકવા સુરક્ષા વ્યવસ્થા અને વાડ બાંધવાની પ્રગતિની પણ વ્યક્તિગત રીતે સમીક્ષા કરશે. સરહદી માળખાગત સુવિધાઓને વેગ આપવા શ્રી શાહ સિલચરથી જીવંત ગ્રામ કાર્યક્રમના બીજા તબક્કાનો સત્તાવાર પ્રારંભ કરાવશે.

. . . . . . . . . . . . . . . . . .

## BIHAR-NAXAL FREE

બિહારને નક્સલવાદી પ્રવૃત્તિઓથી મુક્ત જાહેર કરાયું છે. મુંગેરમાં છેલ્લા સશસ્ત્ર માઓવાદી સુરેશ કોડાએ આત્મસમર્પણ કર્યા બાદ રાજ્યને આ મોટી સફળતા મળી છે. મુંગેર રેન્જના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ-ડીઆઈજી રાકેશ કુમારે કહ્યું, નક્સલવાદથી અસરગ્રસ્ત 23 જિલ્લામાં હાલ કોઈ સશસ્ત્ર નક્સલવાદી ટુકડી સક્રિય નથી.

**[BYTE- ડીઆઈજી]**

મુંગેર જિલ્લા મેજિસ્ટ્રેટ, નિખિલ ધનરાજ નિપ્પાનીકરે કહ્યું, કેન્દ્ર સરકારની શરણાગતિ અને પુનર્વસન નીતિ હેઠળ સુરેશ કોડાને ટૂંક સમયમાં વચન આપેલા લાભ મળશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ **2012**માં બિહારના **23** જિલ્લા નક્સલવાદી પ્રવૃત્તિઓથી અસરગ્રસ્ત હતા. 1970ના દાયકામાં રાજ્યમાં નક્સલવાદીઓનો પ્રભાવ નોંધપાત્ર રીતે વધ્યો, તેમાં મધ્ય બિહારના જિલ્લાઓને સૌથી વધુ અસર થઈ. જો કે, બિહારમાં વર્ષ 2025માં કોઈ નક્સલવાદી ઘટના બની નથી. તે જ વર્ષે 220 નક્સલવાદીની ધરપકડ થવી એ રાજ્યમાં શાંતિ અને વિકાસ તરફ એક મોટી સફળતા હતી.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફૉલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . . .

## MEGHALAYA CM

મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ કહ્યું, પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાથી શિલૉન્ગ શહેરી ક્ષેત્રને અલગ કરવાના પ્રસ્તાવ પર વિચાર-વિમર્શ કરાશે. તેમણે કહ્યું, ઉત્તમ સુશાસન અને નાગરિક કેન્દ્રીત વહીવટી તંત્ર માટે સમજી વિચારીને નિર્ણય લેવાઈ શકે છે.

મુખ્યમંત્રી ગઈકાલે વિધાનસભામાં યુનાઇટેડ ડેમોક્રેટિક પાર્ટીના ધારાસભ્ય પૉલ લિન્ગદોહ દ્વારા ઉલ્લેખ કરાયેલા આ મુદ્દા પર સંક્ષિપ્ત ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા. શ્રી સંગમાએ કહ્યું, આ પ્રસ્તાવ પર સાવધાનીથી વિચાર-વિમર્શની જરૂર છે. તેમણે રાજ્યની રાજધાની શિલૉન્ગમાં ઝડપથી શહેરી વિસ્તરણ થયું છે. તેનાથી વહીવટી તંત્ર, માળખાકીય સુવિધા, કાયદાકીય વ્યવસ્થા અને જરૂરી જાહેર સેવાઓ પર દબાણ આવી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

## DMDK-JOINS-DPA

તમિળનાડુમાં, દેસિયા મુરપોક્કુ દ્રવિડ કઝગમ-**DMDK** પક્ષે રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા દ્રવિડ મુનેત્ર કઝગમ-**DMK**ના નેતૃત્વ હેઠળના ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ એલાયન્સ સાથે ગઠબંધન કર્યું છે.

**DMDK**નાં મહાસચિવ પ્રેમલતા વિજયકાંતે પત્રકારોને જણાવ્યું, **DMDK** પહેલીવાર **DMK** સાથે ગઠબંધન કરી રહી છે. પક્ષે અગાઉ વિધાનસભા ચૂંટણી લડવા ઘણી વખત અખિલ ભારતીય અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ -એઆઈ એડી એમકે પાર્ટી સાથે ગઠબંધન કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

હવામાન વિભાગે આજે આંદામાન અને નિકોબાર દ્વિપસમૂહમાં ભારે પવન ફૂંકાવવા અને હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. જ્યારે ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગમાં સોમવાર સુધી મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ આગામી બે દિવસમાં ઠંડીમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસના ઘટાડાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . .

# US CHINA NUCLEAR WARNING

અમેરિકાએ ચીન પર વર્ષ 2020માં પરમાણુ પરિક્ષણ કરવાનો આક્ષેપ લગાવ્યો છે. અમેરિકાએ ચેતવણી આપતા જણાવ્યું, નવા

બહુપક્ષીય શસ્ત્ર નિયંત્રણ કરાર અંતર્ગત હવે આ સહન ન કરાય. શસ્ત્ર નિયંત્રણ અને અપ્રસાર માટેના સહાયક વિદેશ મંત્રી ક્રિસ્ટોફર યેવ ગઈકાલે વૉશિંગ્ટન ડીસીની હડસન સંસ્થામાં સંબોધન કરતા તેમણે કહ્યું, ચીને 22 જૂન 2020માં લૉપ નૂર પરીક્ષણ સ્થળ પાસે એક પરમાણુ પરિક્ષણ કર્યું હોવાની અમેરિકા સરકારને જાણ છે.

જોકે, ચીને જાહેર રીતે આવું કોઈ પરિક્ષણ કર્યાનું સ્વીકાર્યું નથી. શ્રી યેવે કહ્યું, બેઇજિંગે અસ્પષ્ટતાનો સહારો લીધો છે. તેમણે કહ્યું, રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ ચીનને બહુપક્ષીય વ્યૂહાત્મક સ્થિરતા સંવાદમાં સામેલ થવાની તક આપી રહ્યા છે. પરમાણુ અપ્રસાર સંધિના પક્ષકારોનું 2026 સમીક્ષા સંમેલન ઍપ્રિલમાં ન્યૂયૉર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યમથકમાં યોજાશે.

. . . . . . . . . . . . . . . . . .

## TRUMP PEACE BOARD

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ આજે શાન્તિ બૉર્ડની બેઠકની અધ્યક્ષતા કરશે. તેઓ બેઠકમાં સામેલ 20 સભ્ય દેશ દ્વારા ગાઝા માટે કરાયેલી પાંચ અબજ ડૉલરની નાણાકીય સહાયની પણ જાહેરાત કરશે. વ્હાઇટ હાઉસનાં પ્રેસ સચિવ કેરોલિન લિવિટે પત્રકારો સાથેની વાતચીતમાં આ અંગે માહિતી આપતાં કહ્યું, આ બેઠકમાં ઇઝરાયેલ અને

હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ગાઝામાં શાન્તિ જાળવી રાખવા પર ધ્યાન કેન્દ્રીત કરાશે.

શ્રી ટ્રમ્પની જાહેરાતમાં ગાઝામાં પુનઃનિર્માણના પ્રયાસ અને ગાઝાના લોકોની સુરક્ષા માટે ત્યાં આંતર-રાષ્ટ્રીય સ્થાયીકરણ દળ તથા સ્થાનિક પોલીસના હજારો કર્મચારીઓને તહેનાત કરાયા છે.

ઇરાન સાથે પરમાણુ કરાર પર સુશ્રી લિવિટે કહ્યું, ઇરાન સામે સૈન્ય કાર્યવાહી પહેલા રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ આ મુદ્દાઓને વાતચીતના માધ્યમથી ઉકેલવા માગે છે. ઇરાન માટે અમેરિકા સાથે કરાર કરવો તેના માટે લાભદાયી થશે તેમ પણ તેમણે ઉંમેર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .

## ICC T-20 CRICKET

I.C.C. ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં હાલ વેસ્ટ ઇન્ડીઝ અને ઇટાલિ વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે. કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં રમાઈ રહેલી મેચમાં વેસ્ટ ઇન્ડીઝે પહેલા બેટિંગ કરી નિર્ધારીત 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવી 165 રન કર્યા છે. ટીમ તરફથી સૌથી વધુ 75 રન સુકાની શાઈ હોપે એ બનાવ્યા, જ્યારે રોસ્ટેન ચેઝ અને શેરફેન રૂથરફોર્ડે 24-24 રનનું યોગદાન આપ્યું.

ઈટાલિ તરફથી બેન માનેન્ટી અને ક્રિશાન કાલુગમાગે 2-2 તથા અલી હસન અને થોમસ ડ્રાકાએ 1-1 વિકેટ ઝડપી છે.

અન્ય એક મેચ શ્રીલંકા અને ઝિમ્બાબ્વે વચ્ચે કોલમ્બોમાં બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ ઇટાલીએ પાંચ ઓવરમાં બે વિકેટ ગુમાવી 35  રન કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

## NIGERIA MINE BLAST

નાઇજીરિયામાં સેન્ટ્રલ પ્લેટુ રાજ્યમાં સીસું અને ઝિન્કની ખાણમાં કાર્બન મૉનોક્સાઈડ લિક થવાથી ગઈકાલે 33 શ્રમિકના મોત અને 27 લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. જ્યારે 20થી વધુ અન્ય શ્રમિકને બચાવી લેવાયા છે.

સૂત્રના જણાવ્યા મુજબ, વાસે શહેરની બહાર આવેલી સૉલિડ યુનિટી નાઇજીરિયા લિમિટેડ નામની ખાણ કંપની દ્વારા સંચાલિત એક સ્થળ પર આજે સવારે વિસ્ફોટ થયો હતો.

રાજ્યની રાજધાની જોસમાંથી અંદાજે 200 કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવેલી આ ખાણને સુરક્ષાકર્મીઓએ સીલ કરી દીધી છે. જોકે, ગેસ લિક થવાનું કારણ જાણવા તપાસ હાથ ધરાઈ છે.

. . . . . . . . . . . . . . . . . .